## નવરાત્રિ પર્વ-જિલ્લામાં શ્રીફળની માંગમાં ઉછાળો : રૂા. ૨૫ સુધીનો ભાવ



નવરાત્રિ પર્વમાં મોંઘવારીની સાથે અન્ય ધંધા-રોજગારમાં તેજી આવી છે. નવરાત્રિ દરમ્યાન શ્રીફળની માંગમાં બમ્પર ઉછાળો આવ્યાનું વેપારીઓ જણાવી રહ્યા છે. અમદાવાદ તરફથી આવતી ટ્રાન્સપોર્ટમાં સૌથી વધુ શ્રીફળના પાર્સલ આવતા હોવાનું જોવા મળી રહ્યું છે. જ્યારે રુ ૨૦માં મળતું શ્રીફળ કેટલાક વિસ્તારોમાં રુ ૨૫ના ભાવને આંબી ગયું છે. વેપારીઓના મતે એક અંદાજ અનુસાર દૈનિક ૪૫,૦૦૦થી વધુ શ્રીફળનું વેચાણ થઈ રહ્યું છે. આઠમના દિવસે દોઢ થી બે લાખ શ્રીફળના વેચાણનો અંદાજ છે. ભારતીય સંસ્કૃતિના દરેક કાર્યમાં શ્રીફળ એગ્ર સ્થાને રહેતું હોય છે. શ્રીફળને ઐશ્વર્યનું પ્રતિક માનવાની સાથે દેવી-દેવતાઓને નિવેદ્ય સ્વરુપે શ્રીફળ ધરાવવામાં આવતું હોય છે. જિલ્લામાં નવરાત્રિના આરંભ સાથે દેવી મંદિરોમાં શ્રદ્ધાળુઓ દર્શન કર્યા પછી એચૂક શ્રીફળ વધેરી પરિવારની સુખ-શાંતિની કામના કરતા હોય છે જેથી સામાન્ય દિવસો કરતાં નવરાત્રિના પ્રથમ દિવસથી જ તમામ વિસ્તારોમાં શ્રીફળની માંગમાં ઉછાળો આવ્યો છે. દક્ષિણના રાજ્યોમાંથી મોટાપાયે શ્રીફળની વેપારીઓ દ્વારા આયાત કરવામાં આવતી હોય છે જેમાં નવરાત્રિને ધ્યાનમાં રાખી વધુ માત્રામાં શ્રીફળનો જથ્થો વેપારીઓ દ્વારા અગાઉથી મંગાવવામાં આવ્યો છે જેમાં શ્રીફળની માંગ વધ્યા પછી કેટલાક વિસ્તારોમાં ભાવ ૨૫ ને આંબી ગયા છે. સવાર-સાંજ નવરાત્રિ સ્થળોએ પૂંજન-અર્ચનના કાર્યક્રમો આયોજીત કરવામાં આવતા હોય છે જેમાં શ્રીફળ વધેર્યા પછી તેની પ્રસાદી પણ ઉપસ્થિત શ્રદ્ધાળુઓને વહેંચવામાં આવતી હોવાથી શ્રીફળની માંગ દશેરા સુધી વધુ રહેવાની છે.

## પ્રાંતિજના પોગલુ ખાતે ગ્રામસભા યોજાઈ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુ ખાતે ૧-૧૦-૨૦૨૨ ના રોજ ગ્રામસભા યોજાઇ હતી જેમા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામની સાંસદ આદર્શ ગામ તરીકે પસંદગી થઈ છે ત્યારે આ ગામના વિકાસ લક્ષી થયેલ કામોના અને આગામી સમયમા થનારા કામોની ચર્ચાઓ કરવામા આવી હતી જેમા સાંસદ દિપસિંહ રાઠોડ, જિલ્લા કલેકટર હિતેશ કોયા, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી, પ્રાંતિજ મામલતદાર, ટી.ડી.ઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા તો જિલ્લા કલેકટર હિતેશ કોયા દ્વારા સરકાર ની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી તો પોગલુ સરપંચ શામળભાઈ પટેલ ઉપસરપંચ તથા સમસ્ત ગ્રામ પંચાયત સમસ્ત ટીમ દ્વારા કાર્યક્રમ ને સફળ બનાવવા પ્રયાસો કર્યા હતા તો તાલુકા પંચાયત ના કાર્યપાલક નાયબ ઈજનેર તલાટી રાધિકા પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં નવરાત્રી મહોત્સવ



ધી.મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા સંચાલિત શ્રી જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ શાળામાં નવરાત્રી મહોત્સવના છઠ્ઠા નવલા નોરતે ઉજવણી કરવામાં આવતા બાળકો ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબે ઝૂમી ઉઠ્યા હતા બાળકોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો હતો બાળકો અવનવા સ્ટેપમાં ગરબા રમી નવરાત્રી મહોત્સવનો લુપ્ત ઉઠાવ્યો હતો સ્કૂલના પ્રિન્સીપલ દિપક મોદી અને શૈક્ષણીક સ્ટાફે નવરાત્રી પર્વની ઉજવણીમાં બાળકોને મોજ કરાવી હતી.

### કલેક્ટર, ડી.ડી.ઓ.ને જમીન ફાળવવાની સત્તા પર બ્રેક

# જિલ્લામાં ગૌચરની જમીન આપવા સરકારની પૂર્વ મંજૂરી જરુરી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૧

ગૌચરની જમીન સરકારની પૂર્વ મંજૂરી વગર કેટલાક કિસ્સાઓમાં કચેરીઓ દ્વારા ફાળવી દેવામાં આવતી હોવાની હકીકત ધ્યાનમાં આવ્યા પછી રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે હવે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત રાજ્યના તમામ વિસ્તારોમાં સરકારની મંજૂરી મળે તે પછી જ ગૌચરની જમીન ફાળવવા માટે કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારીને સૂચના આપી છે.

ગૌચરની જમીનો ઉપર દબાણોનો પ્રશ્ન કાયમી બની ગયો છે. દબાણ ખુલ્લા કરાવવામાં સરકારી તંત્ર વામણું પૂરવાર થયું છે. જ્યારે કેટલાક કિસ્સાઓમાં ગૌચરની જમીનો સરકારની પૂર્વ મંજૂરી વગર ફાળવી દેવામાં આવતી હતી જેથી હવે સરકારના મહેસૂલ વિભાગ દ્વારા તમામ જિલ્લા કલેકટર અને ડી.ડી.ઓ.ને સૂચના આપી છે જેમાં સરકારની પૂર્વ મંજૂરી વગર ગૌચરની જમીન ન આપવા તાકીદ કરવામાં આવી છે. ગૌચરની જમીન અન્ય લોકોને ફાળવી દેવાતી હોવાની વિગતો સરકારના મહેસૂલ વિભાગના ધ્યાને આવ્યા પછી આ નિર્ણય લેવામાં આવતાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હવે ગૌચરની જમીન સરકારની પૂર્વ મંજૂરી લીધા વગર કચેરીઓ દ્વારા ફાળવી દેવા ઉપર પાબંધી આવી છે. આ અંગે તમામ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને પણ સૂચના આપવામાં આવી છે. ગૌચરની જમીન સરકારની ફાળવણી કે તબદીલી સરકારની મંજૂરી ન મળે ત્યાં સુધી ન કરવા આદેશ આપવામાં આવ્યા છે. આ મુદ્દે બહાર પડેલા ઠરાવ મુજબ ૨૦૧૫ ની ગૌચર નીતિ મુજબ ગૌચર ઓછું ન થાય તે માટે જમીનની ફાળવણી ઉપર નિયંત્રણ રખાશે છતાં કેટલાક સંજોગોમાં જાહેર ઉપયોગીતાના કામ, મકાન, રસ્તા, પુલ, તળાવ જે સ્થાનિક સ્વરાજ્યના શૈક્ષણિક કે આરોગ્ય સહિતના સામાજીક કામ માટે ગૌચરની જમીન ફાળવવામાં આવતી હોય છે. ખાનગી સંસ્થાને ગૌચર ફળવાય ત્યારે હક્કદાર પાસેથી અન્ય ખાનગી કે સરકારી જમીન ગૌચર તરીકે લેવામાં આવતી હોય છે. ગૌચરના વિકાસ માટે આવા કિસ્સામાં ૩૦ ટકા જંત્રી આધારીત ફંડ પણ વસુલવામાં આવતું હોય છે. જ્યારે સામાન્ય ઔદ્યોગિક હેતુ માટે પણ ગૌચરની જમીન અપાતી નથી પરંતુ અનિવાર્ય હોય ત્યારે રોજગારીના હેતુથી ગૌચર સિવાય ઉદ્યોગ સ્થાપવા શક્ય ન હોય ત્યારે જમીન ફળવાતી હોય છે તેમાં પણ ખાનગી જમીન ઉદ્યોગકારો પાસેથી લેવાય છે અને ગૌચરના વિકાસ માટે ૪૦ ટકા જંત્રી વસુલવામાં આવતી હોય છે. આમ આ તમામ પ્રકારની હકીકતો સરકારના મહેસૂલ વિભાગના ધ્યાને આવ્યા પછી આખરે કલેકટર અને ડી.ડી.ઓ.ને ગૌચરની જમીન સરકારની પૂર્વ મંજૂરી વગર ન આપવા માટે આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

### જિલ્લામાં ગૌચરની જમીનો ઉપર દબાણનો રાફડો

રાજ્યમાં ગૌચર અદ્રશ્ય થઈ ગયાં છે માલધારીઓના દબાણ પછી સરકાર દ્વારા ઢોર નિયંત્રણ કાયદો પરત લેવામાં આવ્યો છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગૌચરની જમીન ૯૫,૧૩૫ ચો.મી. જમીનમાં દબાણ હોવાનું સરકારના દફતરે નોંધાયું છે. જેમાં અરવલ્લી જિલ્લામાં સૌથી વધુ ૮૨,૦૦૦ ચોરસમીટર કરતાં પણ વધુ દબાણ હોવાનું જાણવા મળ્યું છે.

### સપ્ટેમ્બર મહિનાની પૂર્ણાહૂતિ

# જિલ્લાના ૧૧ જળાશયોમાં સરેરાશ ૯૬ ટકા પાણીનો જથ્થો સંગ્રહીત

### પાછલા ૧૫ દિવસથી વરસાદ નથી છતાં ૯ જળાશયોમાં પાણીની આવક

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૧

આજથી ઓકટોબર મહિનો શરુ થઈ રહ્યો છે અને એ સાથે જ લગભગ ચોમાસાની વિદાયને ખેડૂતોએ સ્વીકારી લીધી છે. જિલ્લાના ૧૧ જળાશયોમાં સપ્ટેમ્બર મહિનાની પૂર્ણાહૂતિ સુધીમાં સરેરાશ ૯૬.૨૫ ટકા પાણીનો જથ્થો સંગ્રહીત થતાં ખેડૂતોને આગામી ૨ સીઝન માટે રાહત થઈ છે. પાછલા ૧૫ દિવસથી વરસાદ નથી છતાં ૧૧ પૈકી ૯ જળાશયોમાં ૭ થી ૯૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે.



જુલાઈ અને ઓગષ્ટની જેમ સપ્ટેમ્બર મહિનો પણ વરસાદથી ભરપૂર રહેવાની સંભાવના વચ્ચે પાછલા એક પખવાડીયાથી જિલ્લામાં એકાદ-બે વરસાદનાં હળવા ઝાપટાંને બાદ કરતાં નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી. નવરાત્રિ દરમ્યાન પ્રથમ ૩ દિવસ વરસાદની આગાહી થઈ પરંતુ શક્તિ આરાધનાના પર્વ ઉપર વરસાદનું મોટું સંકટ દેખાયું નથી. નવરાત્રિનો મધ્યાંતર પૂર્ણ થયો છે અને આ સાથે જ સપ્ટેમ્બર મહિનાની પણ વિદાય થઈ છે. આજથી ઓક્ટોબર મહિનો શરુ થયો છે અને તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને આંબવાની શરુઆત થતાં હવે મોડેથી ખરીફ પાકનું વાવેતર કરનારા ખેડૂતોને ગરમી-બફારાથી ચૂંઝાતી ખેતીને બચાવવા સિંચાઈના પાણી મૂકવાની શરુઆત કરી છે. આજ રીતે ધોમધખતો તાપ વરસે તો સરકાર પણ ખેડૂતોને ખરીફ વાવેતર બચાવી લેવા માટે સિંચાઈ માટે એક પાણી આપે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. જિલ્લાના ૧૧ જળાશયોમાં ૯ ૬ ૨૫ ટકા પાણીનો જથ્થો સંગ્રહીત થયો છે. જિલ્લાના ૬ જળાશયો સંપૂર્ણ ૧૦૦ ટકા ભરાયા છે. ૪ જળાશયમાં ૯૦ ટકાથી વધુ અને ૧ જળાશયમાં ૭૫ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહીત થયો છે.

**જળાશયોમાં પાણીની સ્થિતિ**

| જળાશય | ટકાવારી |
|---|---|
| હાથમતી | ૧૦૦ |
| જવાનપુરા | ૧૦૦ |
| હરણાવ | ૧૦૦ |
| મેશ્વો | ૧૦૦ |
| વૈડી | ૧૦૦ |
| વરાંસી | ૧૦૦ |
| માઝૂમ | ૯૭.૯૪ |
| વાત્રક | ૯૬.૫૬ |
| ગોરઠીયા | ૯૬.૩૪ |
| ગુહાઈ | ૯૨.૯૨ |
| ખેડવા | ૭૫.૩૬ |

# પ્રાંતિજ અવરઓન હાઈસ્કુલ ખાતે દિવસીય નવરાત્રી મહોત્સવ યોજાયો





પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમાં આવેલ અવરઓન હાઈસ્કુલ ખાતે બે દિવસીય નવરાત્રી મહોત્સવ કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા વિધાર્થીઓ મન મુકીને ગરબે ઘુમતા જોવા મલ્યા હતા. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમા આવેલ કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહ, આઈટીઆઈ, વિધા વિહાર, ઈંગ્લીશ મેડીયમ સહિત વિવિધ સંસ્થાઓમા બે દિવસીય નવરાત્રી મહોત્સવ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા વિધાર્થીઓ સાથે વાલીઓ પણ ગરબે ઘુમતા જોવા મળ્યા હતા તો વિવિધ સંસ્થામાં અલગ-અલગ જગ્યાએ નવરાત્રી યોજાઈ તો આ પ્રસંગે સંસ્થા ના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, જયંતિભાઈ પટેલ, વિજ્ઞાન પ્રવાહ આચાર્ય પી.કે.પટેલ, ઈંગ્લિશ મેડીયમ સ્કુલ ના આચાર્ય દર્શિલ ભાઈ દેસાઈ , વિધા વિહાર સ્કુલ ના આચાર્ય પરેશભાઈ પરમાર આઈટીઆઈ ના આચાર્ય હેમંતભાઈ પટેલ સહિત સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

## સાબરકાંઠામાં ચાલુ વર્ષે ડેન્યૂ-મેલેરીયાનો પ્રકોપ ઘટયો : આ વર્ષે માત્ર ૩૯ કેસ નોંધાયાના દાવા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૦૧

ચોમાસાની સીઝનથી દિવાળી સુધી ડેગ્યું અને મેલેરીયાના કેસમાં ઉછાળો આવી જતો હોય છે પરંતુ આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ડેબ્યુ અને મેલેરીયાનો પ્રકોપ ઘટ્યો હોય તેવી તાસિર જોવા મળી. જિલ્લા આરોગ્ય વિભાગનું માનીએ તો ગત વર્ષે ડેગ્યુ અને મેલેરીયાના ૧૦૨ કેસ હતા તેની સામે આ વર્ષે માત્ર ૩૯ કેસ નોંધાયા છે.

ચોમાસાનો સાર્વત્રિક ધોધમાર વરસાદ વરસ્યા પછી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધ્યો છે. વાતાવરણમાં આવેલા બદલાવને કારણે ઘેર ઘેર માંદગીના ખાટલા ઢળાયા છે. સવારે ઝાકળ વર્ષાના કારણે સામાન્ય ઠંડી પછી બપોરે આકરો તાપ અનુભવાતાં જનઆરોગ્ય ઉપર વિપરીત અસર થઈ છે.

**જિલ્લામાં ડેન્ગ્યુ - મેલેરિયાના કેસ...**

| કેસ | ગત વર્ષ | ચાલુ વર્ષ |
|---|---|---|
| ડેન્ગ્યુ | ૫૨ | ૨૩ |
| મેલેરિયા | ૫૦ | ૧૬ |

ચોમાસાની સીઝન પછી સાબરકાંઠા જિલ્લામાં ડે..., અને મેલેરીયાના કેસમાં વધારો થતો હોય છે પરંતુ આ વખતે આરોગ્ય વિભાગની દવા છંટકાવ તેમજ પોળાનાશક કામગીરી અસરકારક સાબિત થઈ હોય તેમ કેસ ઘટ્યા છે. જિલ્લાના હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં મેલેરીયા અને ડેગ્યથી પ્રભાવિત વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા મચ્છરોને નાથવા માટે દવા છંટકાવની કામગીરી કરવામાં આવતાં ગત વર્ષની તુલનાએ ડે અને મેલેરીયાનો પ્રકોપ ઘટ્યો છે. જિલ્લા આરોગ્ય વિભાગના દફતરે ગત વર્ષે મેલેરીયાના ૫૨ કેસ નોંધાયા હતા તેની સામે ચાલુ વર્ષે માત્ર ૨૩ કેસ નોંધાયા છે. જ્યારે ગત વર્ષે ડેગ્યુના ૫૦ કેસ હતા તેની સામે આ વખતે માત્ર ૧૬ કેસ નોંધાયા હોવાના દાવા કરવામાં આવ્યા છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ડે... અને મેલેરીયાના કેસ ઉપર નિયંત્રણ મૂકવા માટે સતત સર્વલન્સ થતું હોવા છતાં ગ્રામ્ય વિસ્તારોમાંથી ડે... અને મેલેરીયાના કેસ અચૂક નોંધાતા હોય છે પરંતુ આરોગ્ય વિભાગની કામગીરી આ વર્ષે અસરકારક સાબિત થઈ હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

## પાલનપુર ખાતે એલ.આઈ.સી. એજન્ટોએ ધરણાં યોજ્યા



પાલનપુર તા.૧

પાલનપુર શાખા- ૨ એજન્ટ એસોસીએશન જોઈન્ટ એક્શન કમિટી ઓફ લાઈફ ઈન્શ્યોરન્સ એજન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા ના ચેરમેનના આદેશથી "ધરણા"નો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ સંપૂર્ણ ભારતભરમાં યોજાયો હતો. જેમાં પોલિસી ધારકો માટે બોનસ માં વધારો કરવો, પોલિસી ધારકોના લોનનો વ્યાજ દર ઘટાડવો, જીએસટીને નાબૂદ કરવું , વિમેદાર ગ્રાહકોના દરેક વ્યવહાર માટે કેવાયસી ની માંગણી બંધ કરવી, એજન્ટોની પડતર માગણીઓ વગેરે મુદ્દાઓ ઉપર આજે પૂરા દિવસ માટે ધરણા કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. આજે કાર્યક્રમ નું સંચાલન બહોળી સંખ્યામાં એજન્ટો દ્વારા થયું હતું અને આ નિમિત્તે લીયાફી ફેડરેશન પાલનપુર ૨ ના પ્રમુખ કેસરભાઈ વાયડા, મંત્રી કિરીટભાઈ બારોટ, સહમંત્રી મૂળસંકર કટારીયા, ઉપપ્રમુખ નરસંગભાઈ ચૌધરી, ઈસી મેમ્બર ફલજીભાઈ ધુળીયા, ખજાનચી જહાંગીરભાઈ બિહારી, ડીસી મેમ્બર મોઘજીભાઈ કરેણ વગેરે મિત્રો હાજર રહી આંદોલનને સફળ બનાવ્યું હતું.

## પાલનપુરમાંથી વિદેશી દારૂ ભરેલું ટ્રેલર ઝડપાયું

પાલનપુર તા. ૧

રાજસ્થાનથી વિદેશી દારૂ ભરીને ગુજરાત તરફ એક ટ્રેલર આવી રહ્યું હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસે વોચ ગોઠવી હતી. જેમાં પાલનપુર રેલવે બ્રિજથી અમદાવાદ જઈ રહેલા વિદેશી દારૂ ભરેલા ટ્રેલરને ઝડપી લઈ પોલીસે રૂ.૪૫.૯૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, એક શંકાસ્પદ નંબર વગરનુ ટાટા કંપનીનુ સફેદ કલરનુ કેબીન તથા જોધપુર બોડીની ટોલી વાળુ ટ્રેલર રાજસ્થાનમાંથી વાયા ડીસા, પાલનપુર થઈ અમદાવાદ તરફ જનાર છે. જે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દરમ્યાન પાલનપુર થી અમદાવાદ તરફ જતા હાઈવે રોડ પર પાલનપુર રેલ્વે બ્રીજ ઉપર આવતા શંકાસ્પદ ટ્રેલર બ્રીજ ઉપરથી પસાર થઈ અમદાવાદ તરફ જતુ હોય જેને બ્રીજના અમદાવાદ તરફના છેડે રોકાવી તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ટ્રેલર ચાલક મનોહરરામ સ/ઓ ભારમલરામ હીરારામ જાતે. લોલ (વિશ્નોઈ) ઉ.વ.૨૯ રહે.પરાવા વિશ્નોઈ કી ઢાણી (મીઠીબેરી) તા. ચીતલવાના જી.જાલોર (રાજસ્થાન) વાળાના કબ્જાના ટ્રેલરમાં સીમેન્ટની થેલીઓની આડમાં ગે.કા અને વગર પાસ પરમીટના ભારતીય બનાવટનો વિદેશી દારૂ/બીયર ની પેટીઓ મળી કુલ રૂ. ૩૩,૬૮,૬૦૦/-નો દારૂ તથા ટ્રેલર કિ.રૂ.૧૨,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૪૫,૯૬,૬૦૦/- ના મુદ્દામાલ મળી આવ્યો હતો. ટ્રેલરના ચાલક મનોહરરામ સ/ઓ ભારમલરામ હીરારામ લોલ (વિશ્નોઈ) ની વિરૂધ્ધમાં પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પાલનપુરમાં ઈલેકટ્રોનિકસના ગોડાઉનમાં આગ લાગતા દોડધામ



પાલનપુર તા.૧

પાલનપુરમાં ડૉ.ગીરધર પટેલ માર્ગ પર આનંદ ચેમ્બર સામેના કોમ્પ્લેક્ષમાં આવેલી એક ઈલેક્ટ્રોનિકની દુકાનમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. પાલનપુર ડો.ગિરધર પટેલ માર્ગ પર ગોવર્ધન કોમ્પલેક્ષમાં આવેલ અર્બુદા ઈલેક્ટ્રોનિકના ગોડાઉનમાં આગ લાગી હતી. સવાર સવારમાં આગ લાગતા રહિશો માં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, ફાયર બ્રિગેડની ટીમને ફાયર કંટ્રોલ રૂમમાં આગનો કોલ મળતા જ ફાયર ઓફિસર સાથે ફાયરબ્રિગેડ ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગયા હતી. ફાયર બ્રિગેડ ની ટીમે આગ પર સતત ૩ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આ આગ ના બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. પણ મોટી માત્રામાં ઈલેક્ટ્રોનિક સામાન બળી ને ખાખ થઈ ગયો હોવાનું જાણવા મળેલ છે.

## પાલનપુર મફતપુરાના યુવકે સગીરા સાથે મિત્રતા કેળવી દુષ્કર્મ આચર્યું

પાલનપુર તા. ૧

પાલનપુર શહેરના મફતપુરામા રહેતા એક યુવકે આ જ વિસ્તાર રહેતી એક સગીરા સાથે ફ્રેન્ડશીપ કરી બાદમાં તેની સાથે પાડેલા ફોટા તેના પિતાને બતાવી દેવાની ધમકી આપી સગીરા સાથે અવાર નવાર દુષ્કર્મ આચર્યું હોવાની સામે આવતા સગીરાનું શારીરિક શોષણ કરનાર યુવક સામે પૂર્વ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પાલનપુરના મફતપુરા વિસ્તાર માં રહેતા વિશાલ મહેશભાઈ મગરવાડીયા નામના યુવકે આ જ વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી પરીવારની સગીર કિશોરી સાથે દોઢેક વર્ષ પહેલાં ફ્રેન્ડશીપ કરી સગીરા સાથે ફોટા પાડી આ ફોટા તેના પિતાને બતાવી દેવા તેમજ તેની સગાઈ તોડાવી દેવા અને બદનામ કરવાની ધમકી આપી.







## "હું તો ગઈ" તી મેળે....મન મળી ગયું....મેળામાં હૈયું હણાઈ ને ગયું તણાઈ.....

મોડાસા પંથકમાં શક્તિ અને આરાધનાના પર્વ એવા નવરાત્રી પર્વની ઉજવણીનો રંગ જામ્યો છે યુવાધન હિલોળે ચઢી રૂમઝૂમ ગરબે ઘૂમી રહ્યા છે ટ્રેડિશનલ ડ્રેસમાં સજી ધજી "હું તો ગઈ" તી મેળે....મન મળી ગયું....મેળામાં હૈયું હણાઈ ને ગયું તણાઈ......ના તાલે રાસગરબા ની રમઝટ જમાવી રહ્યા છે.